सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ: ૧૭ ઓકટોબર ૧૯૯૬ અંક: ૨

## વાલીઓને...

### *વાચન તરફનો અભાવ:*

નવા માધ્યમો આવતાં કેટલીક જૂની પ્રવૃતિઓ ઓછી થાય છે કે લુપ્ત થાય છે તે ભારે ચિંતાનો વિષય છે. થોડાં વર્ષો પહેલાં જ વિદ્યાર્થી પાંચમાં છઠ્ઠા ધોરણમાં હોય ત્યાં સુધીમાં નાનાભાઈનાં ' મહાભારતના પાત્રો ' કે 'રામાયણનાં પાત્રો ' ની નાની નાની પુસ્તિકાઓ તેણે વાંચી નાંખી હોય તે સ્વાભાવિક હતું. એથી પણ નાની ઉંમરે ' બકોર પટેલ ' કે શ્રી ગિજુભાઈની વાર્તાના પુસ્તકો તેણે એકથી વધુ વખત વાંચી લીધા હોય તે પણ નિશ્ચિત, ઉપરાંત 'બાળક' 'રમકડું' 'ગાંડીવ' જેવા બાળમાસિકોનું વાચન પણ રસપૂર્વક અને સ્વાભાવિક રીતે થતું. આગળ જતાં શ્રી રમણલાલ દેસાઈ, શ્રી મુન્શી, ધૂમકેતુ અને શ્રી મેઘાણીભાઈ જેવા અનેક લેખકોથી વિદ્યાર્થી પરિચિત રહેતો એટલું જ નહીંપણશરદબાબુ, પ્રેમચંદજી, ટાગોર કે ખાંડેકર જેવા અન્ય ભાષામાંથી ભાષાંતર થયેલા નવલકથા નવલિકાઓ પણ તેણે વાંચી નાખી હોય, એવા પુસ્તકોનું પ્રકાશન કરવાની હામ પ્રકાશકો ભીડતાં, વિનોબાભાવે, કાકાસાહેબ કે ગાંધીજી જેવા વિચારકોનાં લેખોનુંવાચન પણ ઓછી માત્રામાં નહોતું થતું: 'કુમાર' જેવા માસિકે તો ગુજરાતની બે ત્રણ પેઢીઘડી છે. આ બધાને કારણેભાષા સમૃદ્ધિ સમાજમાં સંતોષકારક સ્તરે વિકસી અને પ્રકાશકો પૂરતાં પ્રમાણમાં પુસ્તકોનુંપ્રકાશન કરતાં રહ્યાં.

આજે માધ્યમો બદલાઈ ગયા છે વિદ્યાર્થીનો, -કહો કે સમાજનો, ઘણો સમય ટી. વી. ચેનલો રોકી લે છે. માત્ર ખરાબ નહીં ઘણું સારું અને આવકારદાયક જ્ઞાન પણ તેનાથી પ્રાપ્ત થાય છે તે સ્વીકારવું રહ્યું પણ પરસ્પર માનવીય સંબંધોમાં નિશ્ચિત રીતે ઓટ આવી છે તે પણ અનિચ્છનિય વાસ્તવિકતા છે. પત્ર લેખન નહીંવત્ છે મોટાભાગનો સંદેશા વ્યવહાર ટેલીફોન જેવા માધ્યમોંથી જ થાય છે. અધૂરામાં પૂરું અભ્યાસક્રમોમાં પણ ઓબ્જેકટીવ પ્રશ્નોનું પ્રમાણ વધતાં ભાષાદ્વારા આભિવ્યકત કરવાનું ઓછું થયું છે. તૈયાર એસાઈનમેન્ટબુક આવતાં તેની મર્યાદિત જગ્યામાં જ પ્રશ્નોનાં જવાબોઆપવાના થતા ભાષાના ખેડાણની તકો લુપ્ત થાય છે. વાચકોની સંખ્યાઘટતા પ્રકાશન પ્રવૃત્તિ પણમંદ પડે તે સ્વાભાવિક છે આમ આ ચક્ર ઊંધી દિશામા ચાલતું થાય એ બહુ મોટુ સામાજિક નુકસાન છે.

જાગૃત વાલીઓને પોતાનું બાળક વાચનનો રસ કેળવે તેવી પ્રવૃત્તિઓ, જે કંઈ જ જુનું સાહિત્ય છે તેની મદદ લઈને કરે તેવી મારી આગ્રહભરી વિનંતી છે.

ઈન્દુબાળા દવેનાં
વંદન

## "આપણે કયારે જાગૃત થઈશું ?"

' બેન મારે ફોન કરવો છે મને પેટમાં દુઃખે છે.'
' તો તું સ્કૂલમાં કેમ આવ્યો ?'
" મમ્મીએ મોકલ્યો.....દવા આપી છે...."
હજી તો સ્કૂલમાં પહોંચું ત્યાં જ ફોન કરાવવા માટે બાળકો વારાફરતી આવતાં જ હોય .... કોઈને પેટમાં દુઃખતું હોય , કોઈને માથું દુઃખતું હોય તો કોઈને તો વળી આંખો આવી ગઈ હોય .... બીજાને ચેપ ન લાગે ? .....

શાળામાં હાજરી માટેનો આ કેવો દુરાગ્રહ ! કયારે ક તો મારે એવા બાળકને લેવા એના મમ્મી આવે ત્યારે પૂછવું પડે છે કે ' તમને માથું દુઃખતું હોય ને કોઈ કામ કરવાની ફરજ પાડે તો તમે એ કામ કરી શકો ? તમને કેવો ત્રાસ થાય ? ..... તો પછી તમે તબિયત સારી ન હોય છતાં ય તમારા બાળકને સ્કુલ માટે કેમ આવો જડ આગ્રહ રાખો છો?..... શિસ્ત પાલનને ના ઓઠા હેઠળ એને શું કરવા માનસિક રીતે હેરાન કરો છો ?

ત્યાં તો બચાવ પક્ષે દલીલ શરૂ થાય ' બેન.... સવારે તો એને કશું જ ન હતું .. પણ એ જમવા બેઠો તો કશું ખાધું નહી . મેં પૂછયું તો કહે પેટમાં દુઃખે છે એટલે મેં એને ગોળી આપી .. ગોળી લીધી છે એટલે તો મટી જ જાય ને ! પછી ખાલી રજા પાડવાનો શું અર્થ ? ભણવાનું ન બગડે ? '

આવી દલીલો કરતાં માબાપને હું કયારે ક કહું છું...' બેન! બાળક સ્કૂલમાં કેટલા કલાક હાજર રહયું તે અગત્યનું નથી .... તે કેટલા કલાક વ્યવસ્થિત રીતે ભણી શકયું તે મહત્વનું છે. શારીરિક હાજરી ને માનસિક હાજરી એ બેનો ભેદ સમજવો બહુ જરૂરી છે એની ખરાબ તબિયતે તમે એને સ્કૂલમાં મોકલો ને એને એટલી બેચેની હોય કે ન તે આરામ લઈ શકે ને ન તે ભણી શકે ... એનાં કરતાં એને ઘેર રાખી ફકત એક કલાક ધ્યાન આપી ભણાવો ને બીજા પાંચ કલાક એને બરાબર આરામ કરવા દો તો એ જલ્દી સારું થઈ જશે. '

' પણ બેન ! એ મારી પાસે ભણે તો ને !' અને નહીં તો પ્રશ્ન હોય ...

' બેન ઘેર કોઈ જ નથી હોતું ... મારે નોકરી પર જવાનું હોય.. એટલે ઘેર રાખીને ય શું કરું ?'

ને ત્યારે મને આવા બાળકો તરફ કરુણા ઉપજે છે ... સ્ત્રી કેળવણી વધી છે તેનો આપણને ગર્વ જરૂર છે પણ એ કેળવણીએ તેને મહત્વાકાંક્ષી બનાવી છે ... ઘરની ચાર દિવાલો વચ્ચે તેને ગૂંગળામણ થાય છે... ને તેમાં વળી આજની કૂદકે ને ભૂસકે વધતી જતી મોંઘવારી, કયારેક તો સ્ત્રીએ પતિની સાથે ખભેખભો મીલાવીને કામ કરવુ જ પડે ને નહીં તો આવક જાવકના પલ્લાની સમતુલા ન રહે તેવો પ્રશ્ન પણ હોય છે ને એવી મા ગમે તેમ મથામણ કરી આગ્રહપૂર્વક બાળકને સ્કૂલમાં મોકલી દઈને ' હાશ ' અનુભવે છે.

પણ બાળકને તો કહેલું હોય છે ' તુ સ્કૂલે જા તો ખરો , તબિયત સારી ન હોય તો બેનને કહેજે ફોન કરશે ... ' ને એટલે ફોન કરીને ઘેર જવાની માનસિક તૈયારી સાથે આવતું એ બાળક,સ્કૂલમાં કેવી રીતે તેનું મન ચોંટે ! એને પાછો મોકલવો જ પડે છે ફોન જોડાવાની પણ એટલી જ મુશ્કેલી .. પાંચ દસ ટ્રાયલે માંડ ફોન જોડાય.. મમ્મીએ ઓફિસેથી બાળકને લેવા આવવું પડે બાળક તો હેરાન થાય જ પણ આખી સ્કૂલની વ્યવસ્થામાં પણ મુશ્કેલી ઉભી થાય છે ને તેમાં ય આંખ આવી હોય .. ગાલપોટિયું થયું હોય.. અછબડા થયા હોય એવા ચેપી રોગમાં તો બાળકને સ્કૂલે જ કેવી રીતે મોકલાય ? બીજા બાળકનો ય વિચાર તો કરવો જ પડે . ને છતાંય પણ માબાપ બાળકોને બેધડક મોકલી આપે છે.. આવા માબાપને શું કહેવું?... ધ્રુજી ઉઠાય છે .

સમયસર બાળકને સ્કૂલમાં મૂકી જવું ને સમયસર લેવા આવવામાં પણ આવી જ બેદરકારી, પાંચ વાગે સ્કૂલ છૂટી હોય સાડા પાંચ સુધી કોઈ લેવા ન આવે , બાળક નિઃસહાય બની જઈ રડતું રડતું આવે એટલે ફોન કરું તો સામેથી મા પૂછે .. ' કેમ .. એને કોઈ લેવા નથી આવ્યું ? ' ને મને થાય .. કેટલી બધી બેજવાબદારી ! અરે ! કયારેક તો બપોરે ફોન કરીએ તો એંગેજ ટોન મળે.. ' બેન .. ! બપોરે આરામ કરતા ડીસ્ટર્બ ન થાય એટલે રીસીવર નીચે મૂકી દીધું હતું ...' અને ત્યારે મને આશ્ચર્ય થાય કે આ કેવા વાલી ? એમના હ્રદયના ટુકડા જેવા સંતાનો માટે પણ આટલી બેજવાબદારી ? ઈશ્વરે મહામૂલું માતૃત્વ તો આપણને આપ્યું છે પણ તેને ઉજાળવું એ આપણી જવાબદારી છે. આપણે એ જવાબદારી માટે ક્યારે જાગૃત થઈશું !!!

**ઊર્મિલા શાહ.**

## ' કેવી મજાની દુનિયા ! '

કેવી મજાની દુનિયા ! ભાઈ
કેવી મજાની દુનિયા !
કેવા સુંદર ફૂલો ,
કેવું મજાનું આકાશ !

આકાશમાં તો વાદળ
વાદળમાં ભગવાન
કેવી મજાની દુનિયા ! ભાઈ
કેવી મજાની દુનિયા !
હું મમ્મીને વ્હાલ કરું ને
મને મળે બહુ વ્હાલ ,
બહુ મજાનું ઘર આ મારું
સુંદર મજાનું ઘર !

બકરી ને આ ગાયો
એને મારી નાંખો ન કોઈ
માણસની જેમ પ્રાણીમાં
જીવ રહયો છે સૌમાં
મારીશું તો પાપ જ લાગશે
ભગવાન એને શિક્ષા કરશે
કેવી મજાની દુનિયા ! ભાઈ
કેવી મજાની દુનિયા !

આત્મન્ ફોજદાર(૧અ)

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

**સ્થાપનાદિન :** તા.૨૧-૮-૯૬ ને બુધવારે શારદામંદિરનો સ્થાપનાદિન બાળકોએ ખૂબ જ આનંદ અને ઉલ્લાસથી ઊજવ્યો . તાલીમ વર્ગના બાળકોએ ખૂબ જ સરસ કાર્યક્રમ રજૂ કર્યો . બાળકોના બનેલા રથમાં 'બાલરથી ,'આવે પેલો બાલરથી' સંગીત અને તાલ સાથે સવારી લઈને આવી પહોંચ્યા. મુખ્ય મહેમાન તરીકે પધારેલ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા વાલી ડો.આસીતભાઈ શાહે કુંકુંમતિલક કરી અક્ષત્ લગાડી બાળકોનું અભિવાદન કર્યું ને મોં મીઠું કરાવ્યું . સંસ્થા માટે બાળક એ જ કેન્દ્ર , બાળક એટલે સર્વસ્વ ' એ ભાવના વ્યકત થતી હતી. ત્યારબાદ રંગબેરંગી , સુંદર ચણિયાચોળી ને ઓઢણીમાં સજ્જ થયેલ નાનકડી બાળાઓએ ' હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશખુશાલી ' નૃત્ય ખૂબ જ ભાવવાહી રીતે રજૂ કર્યું . આખાય વાતાવરણમાં જાણે પ્રસન્નતા છવાઈ ગઈ. ત્યારબાદ ગરબો ને છેલ્લે બાળકોએ ફુગ્ગા ને રંગબેરંગી ધજાઓ લઈને કૂચ કરી.. ને છેલ્લે એ રંગબેરંગી ફુગ્ગાથી આખું ય આકાશ છવાઈ ગયું ત્યારે બાળકોનો આનંદ અનેરો હતો.

**રક્ષાબંધનઃ-** તા.૨૭-૮-૯૬ ને મંગળવારે તાલીમના બાળકોએ રક્ષાબંધન પર્વ ઊજવ્યું. બાળકોને બલીરાજાની વાર્તા સંભળાવી બાળકોએ હાથે રક્ષા બંધાવી મોં મીઠું કર્યું .

**જન્માષ્ટમી :-** તા.૫-૯-૯૬ ને ગુરુવારે તાલીમના બાળકોએ ' કૃષ્ણ જન્મ ઉત્સવ 'ઊજવ્યો. કૃષ્ણજન્મ , માખણચોર કૃષ્ણકનૈયો , જળકમળ, રાસની રમઝટ , કૃષ્ણજીવનના આ પ્રસંગો સંગીત અને સંવાદ સાથે ભાવવાહી રીતે બાળકોએ રજૂ કર્યા.'.હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલકી ' બાળકોની આ ધૂન,તેમનાં આનંદ ને ઉમંગે આખાય વાતાવરણ ને ભાવવિભોર બનાવી દીધું.

**નવરાત્રિ :-** તા.૧૫-૧૦-૯૬ ને મંગળવારે બાલમંદિરના બધાજ બાળકોએ ગરબાની રમઝટ બોલાવીને નવરાત્રિ ઉત્સવ ઊજવ્યો. સ્વર લય તાલ ને સાથે પગની ઠેસ અને નાની નાની બાળાઓનો લહેકો ખરેખર અદ્‌ભૂત હતો.

બાળકોનું મન ઉત્સવ ઘેલું હોય છે ઉત્સવ ઊજવવા તેમને ખૂબ ગમે છે.

**પ્રવાસ :-** તા.૨૪-૧૦-૯૬ ને ગુરુવારે તાલીમ વર્ગના બાળકો માટે આજવા નિમેટાનો પ્રવાસ યોજાયો. બાળકોએ મુકતમને મોજ માણી.

તા.૧૭-૮-૯૬ ને શનિવારે બ વિભાગના બાળકો તા.૧૪-૯-૯૬ ને શનિવારે તાલીમના બાળકો મીની ઝૂ ની મુલાકાતે ગયા. બાળકોને પ્રાણીઓની દુનિયા માણવી ખૂબ ગમે છે.

## શિશુમંદિર

**સ્થાપનાદિન :** ૨૧-૮-૯૬ નાં રોજ 'સ્થાપનાદિન' નિમિત્તે'ઉર્જા બચાવો' વાનગી સ્પર્ધા યોજાઈ જેમાં વિદ્યાર્થી ભાઈબહેનોએ ઉર્જા વીના મિઠાઈ,પુડીંગ ફરસાણ વિવિધ પીણાઓ,સલાડ અને મુખવાસ બનાવ્યા.નવી વાનગીઓ શોધી કાઢવાની અને તેને સરસ રીતે રજૂ કરવાનો વિદ્યાર્થી ભાઈબહેનોનો ઉત્સાહ ધન્યવાદને પાત્ર હતો ટેબલની ગોઠવણી પણ ખૂબ સુંદર રહી.

આ ઉપરાંત શારદામંદિરનું મોડેલ બનાવવાની સ્પર્ધા પણ યોજાઈ જેમાં શ્રીજય શેઠ, શાશ્વત ઠાકોર, જીનલ ગાંધી,ઋતુલ ઝવેરી કીર્તન વ્યાસ,હર્ષિલ શાહ,ભૌમિક કોઠારી, મૌલિક માવલંકર અને કામેશ વ્યાસની ટુકડી પ્રથમ રહી.

**રાખડીની થાળી તૈયાર કરવાની સ્પર્ધાઃ તા. ૨૬-૮-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | ક્રિના શાહ | ધવલગિરિ |
| દ્વિતીયઃ | શીતલ શાહ | રત્નદીપ |
| તૃતીયઃ | રાજીતા મુન્શી | ગંગોત્રી |
| | સોનમ શાહ | મેઘનાદ |

**પંચાજીરી સ્પર્ધાઃ તા. ૨-૯-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | દ્રુપદ પરીખ | મેઘનાદ |
| દ્વિતીયઃ | દેવાંગી મુન્શી | ધવલગિરિ |
| તૃતીયઃ | તપન ભગત | ધવલગિરિ |

**પંચાજીરી સુશોભન સ્પર્ધાઃ**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | તપન ભગત | ધવલગિરિ |
| દ્વિતીયઃ | શૈલી પટેલ | મેઘનાદ |
| તૃતીયઃ | સાવની દિવેટીયા | ધવલગિરિ |

**પારણા ડેકોરેશન સ્પર્ધાઃ તા.૩-૯-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | રાજીતા મુન્શી | ગંગોત્રી |
| દ્વિતીયઃ | ક્ષમા વ્યાસ | રત્નદીપ |
| | મીનુ જોષી | રત્નદીપ |
| તૃતીયઃ | હેલી ભગત | મેઘનાદ |
| | નિલય ત્રિવેદી | રત્નદીપ |

**દાંડિયા ડેકોરેશન સ્પર્ધાઃ તા.૧૦-૯-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | દેવાંશી શેઠ | રત્નદીપ |
| દ્વિતીયઃ | પ્રતીક શાહ | ગંગોત્રી |
| | અંકિત ચાવડા | ધવલગિરિ |
| તૃતીય | શચિ અમીન | મેઘનાદ |
| | નીરવ પરીખ | ગંગોત્રી |
| | આનલ શાહ | રત્નદીપ |

**ગણેશની મૂર્તિ બનાવવાની સ્પર્ધાઃ તા.૧૬-૯-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | મીનુ જોષી | રત્નદીપ |
| દ્વિતીય | જપન ત્રિવેદી | રત્નદીપ |
| | જપન દેસાઈ | ગંગોત્રી |
| તૃતીયઃ | નિધિ શુકલ | ગંગોત્રી |
| | કામેશ વ્યાસ | ધવલગિરિ |

**ચંદાવ્રત સાથિયાની સ્પર્ધાઃ તા.૧૬-૯-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | સોહમ શેઠ | રત્નદીપ |
| દ્વિતીયઃ | નીરજ શાહ | ધવલગિરિ |
| | સજની શાહ | મેઘનાદ |
| તૃતીયઃ | ભૂમિ રેશમવાલા | મેઘનાદ |
| | જયની શાહ | રત્નદીપ |

**આરતીની થાળીની સ્પર્ધાઃ તા.૧૫-૧૦-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | ઋચા દેસાઈ | ગંગોત્રી |
| | ઋતુ પ્રજાપતિ | રત્નદીપ |
| દ્વિતીયઃ | હેલી સોમાણી | ગંગોત્રી |
| | જયની શાહ | રત્નદીપ |
| તૃતીયઃ | મીનુ જોશી | રત્નદીપ |
| | રીચા વૈદ્ય | ધવલગિરિ |
| | શાલ્વી શેઠ | ગંગોત્રી |

તા.. ૫-૯-૯૬ ના રોજ જન્માષ્ટમી ઉત્સવ ઊજવવામા આવ્યો. બાળકોએ રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થઈ ભાવવાહી રીતે નાટકો, ગરબા રાસ રજૂ કર્યા. બાળકોનો મનપસંદ કાર્યક્રમ મટકી ફોડવાનો હોય છે.આખો ય ઉત્સવ ઉમંગભેર ઊજવાયો.

તા.૧૪-૯-૯૬ ના રોજ 'મહાવીર જન્મવાંચન દિન' નિમિત્તે જૈન સ્તવનો અને ભાવનાનો કાર્યક્રમ શ્રી સુરેન્દ્રભાઈ શાહની રાહબરી નીચે યોજાયો. બાળકો ભકિતરસમાં તન્મય થઈ ગયા.

તા.૧૭-૯-૯૬ ના રોજ અંધજન માટેનો ધ્વજદિન હતો, બાળકોએ આ નિમિત્તે રૂ.૨૦,૬૮૮ નો ફાળો એકત્ર કરી અંધજનમંડળને અર્પણ કરી ધન્યતાનો અનુભવ કર્યો.

તા.૧૮-૧૦-૯૬ ના રોજ ધો.૧ થી ૪ ના બાળકોએ તથા તા.૧૯-૧૦-૯૬ ના રોજ ધો.૫ થી ૭ ના વિદ્યાર્થી ભાઈબહેનોએ નવરાત્રિ ઊત્સવ ઉત્સાહથી ઉજવ્યો.

**પ્રવાસઃ** તા.૩૦-૯-૯૬ થી ૪-૧૦-૯૬ સુધી ધો.૫,૬,૭ નો જેસલમેરનો પ્રવાસ યોજાયો.

## વિનયમંદિર

**ગુરુપૂર્ણિમા** : તા.૩૦-૭-૯૬ ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે નિવૃત્ત આચાર્ય શ્રી દેવેન્દ્રભાઈ ઠાકરે ગુરુ શિષ્ય સંબંધો વિષે ખૂબ સુંદર પ્રવચન આપ્યું.

તા.૧૪-૮-૯૬ ને બુધવારના રોજ શાળાના ભૂતપૂર્વ વાલી અંજલિબેન શાહે ' એકયુપ્રેશર' વિષે નિદર્શન સાથે પ્રવચન આપ્યું. શરીરની તંદુરસ્તી માટે ખૂબ સારું માર્ગદર્શન આપ્યું.

તા.૨૦-૮-૯૬ ને મંગળવારે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી શ્રી પરેશભાઈ આચાર્યએ ' ઈઝરાયલ' વિષે માહિતીસભર અને રસપ્રદ પ્રવચન આપ્યું.

તા.૨૩--૮-૯૬ ને શુક્રવારના રોજ શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં લાયન્સ કલબ ઓફ નવરંગપુરા આયોજિત વકતૃત્વ સ્પર્ધા યોજાઈ. જેમાં પ્રથમ વિજેતા સ્તુતિ વસાવડા અને દ્વિતીય વિજેતા નિલય ઓઝા રહયા. બંન્ને વિદ્યાર્થીઓ હવે આંતરશાળા વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેશે.

તા.૩-૯-૯૬ ને મંગળવારે સાહિત્યકાર શ્રી વિનોદભાઈ અધ્વર્યુએ રામાયણ અને મહાભારતના પાત્રો વિષે વાર્તા સ્વરૂપે રસપ્રદ વાતો કરી. જેમાં સદ્ગુણો વિષે ખાસ ભાર મૂકયો,બંને ગ્રંથોની મહત્તા સમજાવી. તેમણે રામાયણની આચારસંહિતાની વાત કરી. આખું ય પ્રવચન પ્રેરક અને માહિતીસભર બની રહયું.

**કવીઝ :** તા.૨૯-૮-૯૬ ને ગુરુવારથી શાળામાં કવીઝનો આરંભ કર્યો. દર અઠવાડિયે તેમાં પ્રશ્નો પૂછાશે જેના જવાબ વિદ્યાર્થીઓ લખીને તેને માટેની પેટીમાં નાંખશે.

## આંતરગૃહ સ્પર્ધાઓ :

સ્થાપનાદિન નિમિત્તે ફુલના તોરણ તથા ફેન્સી તોરણની સ્પર્ધા યોજાઈ.

**ફુલના તોરણની સ્પર્ધા : તા.૨૧-૮-૯૬**

પ્રથમ : ચંદ્રમૌલિ
દ્વિતીયઃ મેઘદૂત

**ફેન્સી તોરણ સ્પર્ધા :**

પ્રથમ : મેઘદૂત
દ્વિતીય : ગીતગોવિંદ

**ચિત્ર સ્પર્ધા : તા.૨૩-૮-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમ : | માનસી નવાબ | મેઘદૂત |
| દ્વિતીય : | કૌશલ સોપારકર | ચંદ્રમૌલિ |

**રાખડી સ્પર્ધા : તા.૨૬-૮-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમ : | ભાવિ તલાટી | ચંદ્રમૌલિ |
| દ્વિતીય : | સપના શાહ | ગીતગોવિંદ |
| | ઊર્વિ શાહ | ગીતગોવિંદ |
| તૃતીયઃ | પાર્થ શાહ | ગીતગોવિંદ |
| | મુકેશ પૂજારા | મેઘદૂત |

**આરતી સ્પર્ધા : તા.૧૫-૧૦-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમ : | બીનલ ગદાણી | ગીતગોવિંદ |
| દ્વિતીયઃ | વાચા શુકલ | પદ્મપુકુર |
| | પ્રીતવ શાહ | મેઘદૂત |
| તૃતીય : | પાર્થ શાહ | ગીતગોવિંદ |

## અભિનંદન

**નિબંધ સ્પર્ધાઃ** અખિલ હિંદ મહિલા પરિષદ એલિસબ્રીજ શાખા આયોજીત આંતરસ્કુલ તત્કાલ નિબંધ સ્પર્ધામાં સંસ્થાના નીચેના વિદ્યાર્થી ભાઈબહેનોએ ઈનામ મેળવેલ છે.

| | | |
|---|---|---|
| ધોરણ : ૫ | ઋત્વી ત્રિવેદી | દ્વિતીય |
| | નિશાંત દલાલ | તૃતીય |
| | કેતવ લાખિયા | ચતુર્થ |
| ધોરણ : ૬ | કૃપા વ્યાસ | દ્વિતીય |
| | નિરવ પારેખ | ચતુર્થ |
| ધોરણ : ૭ | માનસી નાગોરી | પ્રથમ |
| | અર્પણ સોપારકર | તૃતીય |
| ધોરણ : ૮ | કાનન વૈદ્ય | પ્રથમ |
| | કુનુર શાહ | દ્વિતીય |
| | અપાલા ત્રિવેદી | તૃતીય |

**સંગીત :** અખિલ હિંદ મહિલા પરિષદ અમદાવાદ શાખા આયોજીત સંગીત સ્પર્ધામાં ધ્વનિ દેસાઈને તૃતીય ઈનામ મળ્યું છે.

**વકતૃત્વ :** બાલાભાઈ દામોદરદાસ આર્ટસ કોલેજ આયોજીત આચાર્ય એસ.આર. ભટ્ટ વિજય પદ્મ વકતૃત્વ સ્પર્ધા તા. ૩૧-૮-૯૬ ના રોજ યોજાઈ. જેમાં સ્તુતિ વસાવડાને પ્રોત્સાહન પારિતોષિક મળ્યું છે. તા.૧૩-૧૦-૯૬ ના રોજ લાયન્સ કલબ ઓફ નવરંગપુરા આયોજીત આંતરસ્કૂલ વકતૃત્વ સ્પર્ધામાં કુ.સ્તુતિ વસાવડા તૃતીય અને ચિ. નિલય ઓઝાએ ચતુર્થ ઈનામ મેળવ્યા છે.

**ગીતાપઠન :** ચિન્મયા મિશન આયોજીત ગીતાના અધ્યાયના પઠનની સ્પર્ધામાં ચિ.રીમા જોષીએ જુનિયર વિભાગમાં ઈનામ મેળવ્યું છે.

**કરાટે :** યોગ અને માર્શલ આર્ટસ્ એકેડમી ઓફ ઈન્ડીયા તરફથી યોજાતા કરાટેમાં ચિ. ચિરાગ જોષીને ગ્રેડ એ સાથે સફેદ, પીળો, કેસરી અને લીલો બેલ્ટ મળ્યા છે.

**ચિત્ર :** ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના 'We Wonder' આયોજીત ચિત્ર સ્પર્ધામાં તા.૨૫-૮-૯૬ ના રોજ ચિ. નિરલ મોદીને પ્રોત્સાહન ઈનામ મળ્યું છે.

શંખા ઓલ ઈન્ડીયા ચિલ્ડ્રન્સ્ આર્ટ કોમ્પીટીશન -૯૫ માં ચિ. આત્મન્ ફોજદારને રૌપ્યચંદ્રક , ચિ.કવિના મુન્શીને રૌપ્યચંદ્રક અને અનુષી શાહને પણ ચંદ્રક મળેલ છે.

ચિ. નિરલ મોદીને વિજય ઈન્ફર્મેશન ગાઈડન્સ સેન્ટર ફોર આર્ટસ એજ્યુકેશન તરફથી દ્વિતીય ઈનામ , મૌલાના આઝાદ મેમોરિયલ કમિટી આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં તૃતીય ઈનામ , યંગ ઈન્ડીયન્સ આયોજીત નેશનલ ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગ કોમ્પીટીશનમાં રૌપ્યચંદ્રક તથા લલિતકલા પરિષદ વિશાખાપટ્ટનમ્ આયોજીત ચિત્ર સ્પર્ધામાં પારિતોષિક મળ્યું છે.

ફેવીક્રીલ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ધો.૩ , ૪ માં પ્રથમ નિધિ શાહ , દ્વિતીય વિધિ શાહ અને તૃતીય હિરલ ખત્રી આવ્યા છે.જ્યારે અદિતિ શાહ , નિરાલી તલાટી ઉત્સવ ઠક્કર , મૃગા ઠક્કર અને સલોની શાહને આશ્વાસન ઈનામ મળ્યા છે.સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

## સંસ્થાનું ગૌરવ

તા. ૪ સપ્ટેમ્બર ૧૯૯૬ નાં રોજ એચ. કે. કોલેજ હોલમાં અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિ ના ઉપક્રમે શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે આઠસંનિષ્ઠ શિક્ષકોનાં અભિવાદનનો કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં સંસ્થાનાં નિયામક અને આચાર્ય મુ.શ્રી દિનુભાઈ દવેને શાલ ઓઢાડી પ્રશસ્તિપત્ર અને પારિતોષિક આપી સન્માન કરવામાં આવ્યું.સમારંભના અધ્યક્ષ માનનીય શ્રી ડો. પ્ર.ચુ.વૈદ્ય અને મુખ્ય મહેમાન માનનીય શ્રી બી.જે. દિવાન હતા. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે.

તા.૨૬ થી ૨૮ મી સપ્ટેમ્બર સુધી કોન્ટેમ્પરરી આર્ટ ગેલેરીમાં બાળકલાકારોનું ચિત્ર પ્રદર્શન યોજાયું, જેમાં સંસ્થાનાં બાળકલાકારો ચિ. આત્મન્ ફોજદાર અને ચિ. કવિના મુન્શીનાં ચિત્રો પણ પ્રદર્શિત થયાં.બાળકલાકારોએ રંગ અનેરેખા દ્વારા ખૂબ સરસ અભિવ્યકિત રજૂ કરી હતી. બંને કલાકારોને ખૂબ ધન્યવાદ.

સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ.અનાર પટેલ અમેરિકામાં ફલોરિડા ખાતે અત્યારે અભ્યાસ કરી રહી છે ત્યાં તેમને Outstanding Academic Achievement માટે પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. તેઓએ ફ્રેન્ચ ભાષામાં આખા ય અમેરિકામા ફલોરિડાનું પ્રતિનિધિત્વ સંભાળ્યું અને મેથ્સ્‌મા પણ શ્રેષ્ઠ વિદ્યાર્થીનું બિરુદ મેળવ્યું છે બેન અનારને ખૂબ ધન્યવાદ.

**કેસેટઃ** ધો.૧,૨,૩,૪ નાં કાવ્યોની ઓડિયો કેસેટો તૈયાર થઈ ગઈ છે રસ ધરાવતા વાલીઓએ ઓફિસનો સંપર્ક સાધવો.

**સૂચનાઃ** આપના પાલ્ય અંગે શાળામાં મળવાનો સમય સોમ થી શુક્રનો બપોરે ૩ થી ૪ નો છે. પ્રથમ ઓફિસમાં મળ્યાં પછી જ જે તે વિભાગમાં મળવું.**બાળકને શાળા ના સમયના અડધો કલાકથી વધારે વહેલું ન જ મોકલવું.**

**દિવાળી વેકેશન તા. ૪-૧૧-૯૬ થી તા.૨૫-૧૧-૯૬ સુધીનું રહેશે. તા.૨૬-૧૧-૯૬ થી શાળાનું બીજું સત્ર રાબેતા મુજબ શરૂ થશે.**

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.